# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : નેહલ ઠક્કર

## કોમ્પ્યુટરાઈઝ્ડ : આશિષ શાહ

**તા. ૨૨–૦૫–૨૦૨૪** **સમય : સવારે ૬.૫૦**

---

## હવામાન :

રાજયના સૌરાષ્ટ્ર,ઉત્તર અને મધ્ય ગુજરાતના ઘણા વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી ગરમીનું મોજું યથાવત રહે તેવી સંભાવના હવામાન વિભાગે દર્શાવી છે.
દરમ્યાન, રાજયમાં છેલ્લા 36 કલાકમાં મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 1 થી 6 ડીગ્રી વધુ નોંધાયું છે.

**કચ્છમા** વૈશાખી તાપની તીવ્રતા દિવસે ને દિવસે તીવ્ર બની રહી છે. કંડલા એરપોર્ટ કેન્દ્રમાં પારો ત્રણ ડિગ્રીના વધારા સાથે ૪૫.૩ ડિગ્રીએ પહોંચતાં સરહદી જિલ્લામાં છેલ્લા આઠ વર્ષનો સૌથી ગરમ દિવસ અનુભવાયો હતો. રાજ્યમાં સુરેન્દ્રનગર પછી કંડલા એરપોર્ટ બીજા નંબરનું ગરમ મથક બન્યું તો રાજ્યના કુલ પાંચ શહેર એવા હતા કે , જ્યાં તાપમાન ૪૫ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. જિલ્લા મથક ભુજમાં પણ એક ડિગ્રીના વધારા સાથે તાપમાન 42.6 હતું. હવામાન **વિભાગે વધુ ૫ દિવસ માટે ગરમીના તીવ્ર મોજાંની સંભાવના વ્યકત કરી છે.**

અંજાર, ગળપાદર, વરસામેડી ઉપરાંત ગાંધીધામ સુધીના પટાને આવરી લેતા કંડલા એરપોર્ટ કેન્દ્રમાં તાપમાન ૪૫ ડિગ્રીને આંબતા કચ્છમાં વર્તમાન ઉનાળાની સિઝનનો ગરમ દિવસ અનુભવાયો હતો.

**આરએનયુ અમદાવાદ–એનપી–નેહલ ઠક્કર**

---

## ગરમીનું મોજું :

રાજ્યમાં ગરમીનું મોજું ફરી વળતાં ગરમી સંબંધિત કેસમાં પણ વધારો થયો છે. અત્યાર સુધી રાજ્યમાં લૂ લાગવાના કુલ 72 કેસ નોંધાયા છે. રાજ્ય આરોગ્ય વિભાગના અધિક નિયામક નિલમ પટેલે આ માહિતી આપતા જણાવ્યું કે , હાલમાં 2 હજાર 375 કેન્દ્ર પરથી દરરોજ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે.

શ્રી પટેલે જણાવ્યું કે, લૂના કારણે બિમારીના કેસમાં પણ વધારો નોંધાયો છે. તેમણે આકરી ગરમીમાં જરૂર ન હોય તો બહાર ન નીકળવા લોકોને અપીલ કરી છે.

**આરએનયુ અમદાવાદ**

———————————————————————————————

## વીજ મીટર–રાજ્ય સરકાર :

રાજય સરકારે સ્માર્ટ મીટરની સાથે જૂના મીટર પણ લગાવવાનો નિર્ણય લીધો છે.

સ્માર્ટ વીજ મીટરનો વિરોધ થતાં ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ અંગે સર્વાંગી વિચારણા કરવામાં આવી હતી. અમારા ગાંધીનગરના પ્રતિનધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, વીજ ગ્રાહકોમાં ઉભી થયેલી ગેરસમજ દૂર કરવા રાજ્ય સરકારે આ મહત્ત્વનો નિર્ણય લીધો છે.

**આરએનયુ અમદાવાદ**

———————————————————————————————

# IPL :

કોલકતા નાઈટ રાઇડર્સ ટીમે સન રાઇઝર ટીમ ને 8 વિકેટે હરાવી ઇન્ડિયન પ્રીમિયર લીગ ના અંતિમ જંગ માં પ્રવેશ કર્યો છે અમદાવાદ નાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ માં રમાયેલી પ્રથમ કવોલીફાયર મેચ માં હૈદરાબાદની ટીમ 159 રન માં આઉટ થઈ ગઇ હતી વળતા જવાબ માં કોલકતા ની ટીમે બે વિકેટ ના ભોગે 164 રન કરી વિજયી લક્ષ્ય પાર કર્યું હતું કોલકતા ની ટીમ ચોથીવાર ફાઈનલ માં પહોંચી છે એ અગાઉ 2021 માં આ ટીમ ફાઈનલ માં પહોચી હતી

**ચંદ્રવદન પટણી**

———————————————————————————————

## શિક્ષણ બોર્ડ–માર્કશીટ વિતરણ :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાયેલી ધોરણ-12 સામાન્ય પ્રવાહ પરીક્ષાની માર્કશીટનું વિતરણ 23મી મે ના રોજ કરાશે.

ઉલ્લેખનીય છે કે, ગત નવમી મે ના રોજ બોર્ડે ધોરણ 12 સામાન્ય પ્રવાહની પરિક્ષાનું પરિણામ બોર્ડની વેબસાઇટ ઉપર જાહેર કર્યું હતું.

**આરએનયુ અમદાવાદ**

---

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ :

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની જૂનિયર ક્લર્ક , સિનિયર ક્લર્ક તથા હેડ ક્લર્કની પ્રાથમિક પરીક્ષા ઓની કામગીરી પૂર્ણ થઈ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, 71 શિફ્ટમાં 19 દિવસ દરમિયાન આ પ્રાથમિક પરીક્ષા લેવામાં આવી હતી. અને હવે ગૃપ એ અને બીની મુખ્ય પરીક્ષા લેવામાં આવશે.

**આરએનયુ અમદાવાદ**

---

## ખેડૂતો–જિલ્લા ખેતીવાડી કચેરી :

હવામાન વિભાગે આગામી ચોમાસુ સીઝન ૧૯ મી જુનથી રાજ્યમાં શરૂ થવાનો વરતારો કરેલો હોઇ કપાસ પાકનું આગોતરુ વાવેતર જેમને પીયતની સગવડતા હોય તે ખેડૂતો દ્વારા કરવુ અન્યથા પાક ઉત્પાદનમાં અસર થવાની શક્યતા રહે છે.

બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ , સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો. કોઇપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહી. જેથી, છેતરપીંડીનો અવકાશ ન રહે.

બિયારણના કાળા બજાર , અનઅધિકૃત બિયારણનું વેચાણ તથા રાસાયણિક ખાતરોની સાથે નેનો ખાતરો સીવાયના અન્ય ખાતરો ફરજીયાત આપવામાં આવતા હોવાની બાબત ધ્યાને આવે તો કચ્છ જિલ્લાની ખેતીવાડી ખાતાની કચેરીનો સંપર્ક કરવા અખબાર યાદીમાં જણાવાયું છે.

**માહિતી ખાતું**

---

## <u>પ્રજ્ઞાચક્ષુ – કારરેલી :</u>

નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ ભુજ લાયન્સ કલબ ઓફ ભુજ, કચ્છ સાઈટ ફર્સ્ટ, સ્મૃતિવન–ભુજ અને કચ્છમિના સંયુકત ઉપક્રમે ર૬મી મેના ગુજરાતના પ્રજ્ઞાચક્ષુઓ માટે કારરેલી નું આયોજન કરવામાં આવ્યું છે. આ કારરેલી લાયન્સ કલબ ઓફ ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં યોજવાની છે. આ કારરેલીની શરૂઆત સ્મૃતિવન ભુજ ખાતેથી કરવામાં આવશે. ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાંથી ૫૫ જેટલા પ્રજ્ઞાચક્ષુ ભાઈ–બહેનો આંગળીના ટેરવ. પોતાની શકિતનો ઉપયોગ કરી નેવિગેટરની ભૂમિકા ભજવશે અને તેમની નોર્મલ વ્યકિતની જેમ તેમની દિશાસુચન અનુસાર કાર ચલાવશે.

એનપી–નેહલ ઠકકર

---

---